વારાણસીમાં મોદી સામે કેજરીવાલનો એલાને જંગ

વારાણસીમાં ગંગા નદીમાં સ્નાન કરી ગંગા નદીના આશીર્વાદ મેળવ્યા : વારાણસીના લોકો જો નરેન્દ્ર મોદીને પસંદ કરશે તો તે ખેડુતોની બધી જમીન ઉદ્યોગ જગતના મુકેશ અંબાણી તથા અદાણીને આપી દેશે : અરવિંદ કેજરીવાલ

વારાણસી,તા.૨૫

દેશમાં ભ્રષ્ટાચાર સામે લડત શરૂ કરનાર આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલ આજે બનારસના વારાણસીની જનતાને સંબોધન કરવા પહોંચ્યા હતા. વારાણસીમાં કેજરીવાલે રેલીનું આયોજન કર્યું. પોતાની રેલી દરમિયાન તેમણે એક મોટો ખુલાસો કર્યો કે, તેઓ આવનારી લોકસભાની ચુંટણીમાં નરેન્દ્ર મોદી સામે વારાણસીથી ચુંટણીનું રણશિંઘુ ફુંકશે. તેઓએ આખરે નિર્ણય કર્યો છે કે તેઓ ભાજપના પ્રધાનમંત્રી પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની સામે વારાણસીથી લડત આપશે. વારણસીમાં કેજરીવાલે ગંગા નદીમાં સ્નાન કરી પોતાના મિશનમાં પાર પડવા માટે તેમણે ગંગા નદીના આશીર્વાદ મેળવ્યા હતા. વારાણસી રેલી અને સંબોધન દરમિયાન તેમના પર ભાજપના સમર્થકો દ્વારા તેમનો વિરોધ પણ કરાયો જેમાં કેજરીવાલ પર ઈંડા અને શાહી ફેંકવામાં આવ્યા. સમર્થકો દ્વારા તેમને કાળા વાવટા પણ બતાવવામાં આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

મોટા મનના માણસ પાસે કશુંક ધ્યેય હોય છે, જ્યારે સરેરાશ શક્તિવાળા માત્ર ઇચ્છાઓ રાખે છે, તમે ઇચ્છાઓ રાખ્યા કરતાં ઊંચું ધ્યેય રાખો

- રાજુ અંબાનીયા

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૪ | ૨૬ માર્ચ, ૨૦૧૪, બુધવાર; ફાગણ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

વડોદરામાં મોદી સામે મધુસુદન મિસ્ત્રી

અમદાવાદ પૂર્વની બેઠક માટે પૂર્વ મેયર હિમ્મતસિંહની પસંદગી : કોંગીના નરેન્દ્ર રાવતે મોદી સામે ચૂંટણી લડવાનો ઈન્કાર કરતાં હાઈકમાન્ડે રાજસભાના સાંસદ મધુસુદન મિસ્ત્રીને જંગમાં ઉતાર્યા

ગાંધીનગર, તા. ૨૫

વડોદરાની બેઠક માટે કોંગ્રેસ પક્ષે રાજ્યસભાના સાંસદ અને પ્રદેશ અગ્રણી શ્રી મધુસુદન મિસ્ત્રીની પસંદગી કરી છે તો અમદાવાદ પૂર્વ બેઠક માટે પૂર્વ મેયર શ્રી હિંમતસિંહ પટેલની પસંદગી કરી છે.

આજે મોડી રાત્રે કોંગ્રેસના ૧૨ ઉમેદવારોની યાદી જાહેર કરાઈ છે જેમાં આ બે બેઠકોનો સમાવેશ થાય છે.

વડોદરાની બેઠક પરથી કોંગ્રેસના કાર્યકોરોની પસંદ શ્રી નરેન્દ્ર રાવતે ઉમેદવારી પાછી ખેંચવાની કરેલી જાહેરાતના થોડાક જ સમયમાં કોંગ્રેસ મોવડી મંડળે શ્રી મિસ્ત્રીની નામની જાહેરાત કરી છે.

શ્રી મધુસુદન મિસ્ત્રી અગાઉ સાબરકાંઠા બેઠક પરથી લોકસભામાં પહોંચ્યા હતા. તાજેતરમાં રાજ્યસભાની દ્વિવાર્ષિક ચૂંટણીમાં પણ તેઓ વિજયી બન્યા હતા.

અમદાવાદ પૂર્વની બેઠક માટે શ્રી હિંમતસિંહ પટેલની પસંદગી કરવામાં આવી છે. શ્રી હિંમતસિંહ પટેલ અમદાવાદના પૂર્વ મેયર છે.

રાજયના મુખ્યમંત્રી અને ભાજપના પ્રધાનમંત્રી પદના દાવેદાર શ્રી નરેન્દ્ર મોદી સામે કોંગ્રેસના ઉમેદવારશ્રી નરેન્દ્ર રાવતે ચૂંટણીમાંથી પોતાની ઉમેદવારી પાછી ખેંચી પક્ષના મોવડી મંડળને સક્ષમ ઉમેદવાર મુકવા જણાવ્યું છે.

આજે સાંજે શ્રી રાવતે આ અંગે વિધિવત જાહેરાત કરતાં જણાવ્યું હતું કે તેમણે પક્ષના રાષ્ટ્રીય આગેવાનોને આ અંગે જાણ કરી દીધી છે.જો કે તેમના આ નિર્ણય પાછળ કોઈ રાજકીય દબાણ હોવાનો ઈન્કાર કર્યો હતો.

કોંગ્રેસના ઉપાધ્યક્ષશ્રી રાહુલ ગાંધીએ પક્ષના કાર્યકરોની પસંદગીના ઉમેદવાર માટે વડોદરાની પસંદગી કરી હતી. શ્રી રાવત ૨૬૫ જેટલા મત મેળવી વિજયી જાહેર થયા હતા. શ્રી રાવતે આજે સાંજે એકાએક ઉમેદવારી પરત ખેંચવાની ઘોષણા કરતાં રાજકીય સન્નાટો છવાઈ જવા પામ્યો હતો.

કોંગ્રેસ પક્ષ દ્વારા ચાર બેઠકોના ઉમેદવારોમાં છેલ્લી ઘડીના બદલાવને લઈ ચાલી રહેલી કવાયત

● અનુસંધાન પાન-૭ પર



મોકડ્રીલ - અક્ષરધામમાં ચાર આતંકવાદીઓ ઘૂસ્યાના સમાચાર મળતા સમગ્ર પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. એન.એસ.જી.ના ૭૦ જવાનો દિલ્હીથી ખાસ વિમાન દ્વારા ગાંધીનગર લવાયા. એસ.આર.પી.ના ડ્રેસમાં ઘૂસેલા આતંકવાદીઓને ઝડપી લેવા એન.એસ.જી. જવાનોએ સવા કલાક દિલધડક કામગીરી બજાવી હતી. અંતે આતંકવાદીઓ પકડાયા... આ વાત સાચી નથી પરંતુ પોલીસ તંત્ર, ફાયર બ્રિગેડ અને એન.એસ.ડી. જવાનો આતંકવાદના પડકારને ઝીલવા કેટલી અને કેવી ઝડપે ચપળતાપૂર્વક કામ કરે છે એના માટેનું એક રિહર્સલ ગોઠવાયું હતું... જોકે આ દિલધડક દૃશ્યો જોવાની સ્વાભાવિક ઉત્તેજના થાય... પરંતુ પોલીસ બંદોબસ્તના કારણે મિડીયા સહિત સામાન્ય જનતાને ઘટના સ્થળે જવાનો પ્રતિબંધ હતો.... આ દિલધડક દૃશ્યોની તસવીરી ઝલક સમગ્ર ઘટના અને કામગીરીનો અંદાજ આપે છે....

ચૂંટણી પ્રક્રિયાનું મોનીટરીંગ એસ.એમ.એસ. દ્વારા થશે

૨૨ જેટલા ખાસ એબ્રીવેશન પંચે તૈયાર કર્યા છે : મતદાન મથકે પહોંચ્યા ત્યાંથી લઈ મતદાન પૂર્ણ થાય અને ઈવીએમ જમા લેવાય ત્યાં સુધી એસ.એમ.એસ. કરવાના રહેશે

ગાંધીનગર, તા. ૨૫

ચૂંટણી પ્રક્રિયાનું મોનીટરીંગ હવે એસ.એમ.એસ. દ્વારા કરવાની દિશામાં ચૂંટણીપંચ આગળ વધી રહ્યું છે. આ માટે ઝોનલ ઓફિસરો માટે ૨૨ પ્રકારના જુદા જુદા એસ.એમ.એસ. મતદાનના આગળના દિવસથી લઈ મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી આ સેવા દ્વારા કરવાના રહેશે.

ચૂંટણી પ્રક્રિયાની તાલિમ દરમ્યાન આ નવી મોનીટરીંગ સિસ્ટમને લઈ ખાસ માર્ગદર્શન પણ જે તે ઝોનલ અધિકારીઓને આપવામાં આવશે.

મતદાન મથકમાં લાઈનો છે તો કેટલા સ્ત્રી અને કેટલા પુરૂષ મતદાર છે ? તેની જાણકારી પણ એસ.એમ.એસ. દ્વારા આપવાની રહેશે. મતદાન મથકમાં પોલીંગ એજન્ટ છે કે નહિ તેની જાણકારી પણ પંચને આપવાની રહેશે. મતદાનની ટકાવારી નહિ પણ થયેલ મતદાનની વિગતો આપવાની રહેશે.

મતદાનનો સમય પૂર્ણ થયા બાદ પણ મતદાન મથકમાં જો મતદારોની લાઈનો હોય તો તેની જાણ પણ એસ.એમ.એસ.થી કરવાની રહેશે.

આ ઉપરાંત ઈલેકશન ડ્યુટી સર્ટિફિકેટ મેળવનાર કેટલા કર્મચારીઓએ મતદાન કર્યુ તેનો વિશેષ અહેવાલ માત્ર સંખ્યા દર્શાવીને આપવાનો રહેશે.

મતદાન પૂર્ણ થયા બાદ તમામ પોલીંગ પાર્ટી રિસીવીંગ સેન્ટર પર પહોંચે ત્યાં સુધીની જાણ કરવા ઉપરાંત ઈવીએમ બગડે તો તેની અને ઈવીએમ બદલાયુ કે નહિ તેની મતદાન મથક પર પરિસ્થિતિ તનાવવાળી કે અશાંત લાગે તો તેની જાણ પણ એસ.એમ.એસ. દ્વારા ઝોનલ સુપરવાઈઝરે કરવાની રહેશે.

પંચે નિમણુંક પ્રમાણે તમામ ઝોનલ અધિકારીઓનો ડેટાબેઝ તૈયાર કર્યો છે. આ એસ.એમ.એસ. મોનીટરીંગ માટે રૂ. ૧૦૦ના મૂલ્યનું તેમને કાર્ડ આપવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે આ ઝોનલ ઓફિસરના તમામ એસ.એમ.એસ. પંચના સર્વર પર એકત્ર થશે. આ પછી પંચ દ્વારા તેનુ વિશ્લેષણ કરવામાં આવશે. જરૂર પડ્યે પંચ સીધુ આ ઝોનલ ઓફિસર સાથે વાત કરશે. આ માટે પંચે એક ખાસ નંબર ૯૦૯૯૦૦૦૭૦૭ પણ બુક કરાવ્યો છે.

આ નંબર પર આ બધા જ એસ.એમ.એસ. કરવાના રહેશે. પંચે આમ તો આ એસ.એમ.એસ. મોનીટરીંગનો પ્રયોગ માણસા વિધાનસભાની પેટા-ચૂંટણી દરમ્યાન પણ કર્યો હતો. જો કે આ વખતે સમગ્ર રાજ્ય માટે તેનો ઉપીયોગ કરવામાં આવી રહ્યો છે.

પંચ દ્વારા અધિકારીઓની તાલિમ પર તકનીકી ઉપીયોગને લઈ જ વિશેષ ભાર મુકવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે. જિલ્લામાં ૩૦મી માર્ચ સુધીમાં આ તાલિમ પૂર્ણ કરવામાં આવનાર છે. હાલ ટ્રેનર્સ ઓફ ટ્રેનર્સ દ્વારા તાલિમનો તબક્કો પૂર્ણ થઈ ચુક્યો છે.

ડ્રોપાઆઉટ રેશિયો ઘટાડવા જીટીયુ દ્વારા પ્રયત્નો કરાશે

અમદાવાદ, તા.૨૫

આઈટીઆઈની ડિગ્રી મેળવ્યા બાદ વિદ્યાર્થીઓને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સાથે સંકળાયેલી ડિપ્લોમા એન્જિનીયરીંગ કોલેજોના અર્થ સેમેસ્ટરમાં સીધો પ્રવેશ ફાળવવામાં આવે છે. પરંતુ ગત વર્ષે આ રીતે પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓમાંથી આશરે ૨૪૦૦ વિદ્યાર્થી કારણસર થર્ડ સેમેસ્ટરનો અભ્યાસ પૂરો કરે તો પહેલા જ અભ્યાસ છોડી દીધો હતો. ત્યારે ડ્રોપાઆઉટ રેશિયો ઘટાડવા જીટીયુ દ્વારા પ્રયત્ન હાથ ધરવામાં આવ્યા છે જે અંતર્ગત જીટીયુ બ્લેન્ડેડ કોર્સ ડિઝાઈન કરાશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્યના ટેકનિકલ શિક્ષણ વિભાગે ગયા વર્ષે આઈટીઆઈ થયેલા ઉમેદવારોને સીધા ડિપ્લોમા

● અનુસંધાન પાન-૭ પર

NEWS ન્યૂઝ

● આજે કોંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો

લોકસભાની ચૂંટણી સંદર્ભે

કોંગ્રેસ આજે પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરશે. પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષા સોનીયા ગાંધી અને પ્રધાનમંત્રી ડૉ. મનમોહનસિંહ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ઢંઢેરાને વિમોચિત કરશે. એમ માનવામાં આવે છે કે કોંગ્રેસ ગરીબ અને મધ્યમ વર્ગને આકર્ષવા ઘણી બધી જાહેરાતો કરશે.

● રાબડીદેવી સામે ભાઈ સાધુ યાદવ ચૂંટણી લડશે

બિહારના પૂર્વ મુખ્યમંત્રી અને આરજેડીના સુપ્રિમો લાલુયાદવના ધર્મપત્નિ રાબડીદેવીની સામે તેમના જ સગાભાઈ સાધુ યાદવ અપક્ષ

તરીકે ચૂંટણી લડશે. બિહારના સિરસા મતવિસ્તારમાં ભાઈ બહેન વચ્ચેનો જંગ ભારે ઉત્તેજનાપૂર્ણ બની રહેશે.

● 'નમો સૌને ગમો' ફિલ્મ ટુંક સમયમાં રજુ થશે

છેલ્લા ૧૮ મહિનાથી બની

રહેલી ગુજરાતી ફિલ્મ 'નમો સૌને ગમો' ટુંક સમયમાં રીલીઝ થશે. પ્રાગટ્ય ફિલ્મ્સ પ્રા.લિ. રાજકોટ દ્વારા નિર્મિત આ ફિલ્મના નિર્માતા 'દિવ્યેન રાયઠઠ્ઠા છે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને દેશભરમાં તેઓની વધી રહેલી લોકચાહના દર્શાવવા આ ફિલ્મનું નિર્માણ કરવામાં આવ્યું છે. સોશ્યલ મીડિયા પર યુ ટ્યુબ પર તેનો પ્રોમો ફરતો થયો છે.

● ભાજપના પ્રચાર ગીતમાં મોદીનો સ્વર

આગામી લોકસભાની

ચૂંટણીને ધ્યાને રાખીને ભાજપ દ્વારા એક પ્રચારગીત તૈયાર કરાયું છે. જેનું પ્રસારણ વિવિધ ચેનલો પરથી કરવામાં આવશે. આ ગીતોના શબ્દો જાણીતા ગીતકાર પ્રસુન જોશીએ લખ્યા છે. ખાસ વાત તો એ છે કે આ ગીતમાં નરેન્દ્ર મોદીએ પણ સ્વર આપ્યો છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧